# (૬) નિર્જરા અધિકાર પૂજન

## સ્થાપના

(દોહા) શુદ્ધાતમમાં રત રહો એ જ શ્રેષ્ઠ આચાર,
શુદ્ધાતમની સાધના તેહી નિર્જર સાર. ૧.

(હરિગીત) શુદ્ધાત્માની રુચિ સંવર, સાધના છે નિર્જરા,
ધ્રુવધામ નિજ ભગવાનની આરાધના છે નિર્જરા;
નિર્બંધ દશા છે નિર્જરા, નિર્મળ દશા છે નિર્જરા,
નિજ આત્મા પ્રતિ લગાવની ભાવના છે નિર્જરા. ૨.

ॐ ह्रीं श्री निर्जरातत्त्वप्रतिपादक-निर्जराधिकार! अत्र अवतर-अवतर संवौषट्।
ॐ ह्रीं श्री निर्जरातत्त्वप्रतिपादक-निर्जराधिकार! अत्र तिष्ठ-तिष्ठ ठः ठः।
ॐ ह्रीं श्री निर्जरातत्त्वप्रतिपादक-निर्जराधिकार! अत्र मम सन्निहितो भव भव वषट्।
(ઇતિ પુષ્પાંજલિં ક્ષિપેત્)

(વીર છંદ)

જલ: જળનો સ્વભાવ આ દુનિયામાં નિર્મળતાનો પરિહારી છે,
નિર્જરા-શરણમાં આ ભાવ નિર્મળ થવા આવ્યો છે;
આત્માની આ પરિશુદ્ધ દશા અતિ અદ્ભુત મહિમાશાળી છે,
નિર્જરા પરમ હિતકારી છે, તે અહો મુક્તિ-પ્રદાયિની છે.
ॐ ह्रीं श्री निर्जरातत्त्वप्रतिपादक-निर्जराधिकाराय जन्मजरामृत्युविनाशाय जलं निर्वपामीति स्वाहा।

ચંદન: નિર્જરા તાપ હરવાવાળી, ચંદન ભવતાપહર શીતળ છે,
ભવતાપ શાંત કરવા નિજ પ્રભુના ચરણોમાં અર્પિત છે.
આત્માની આ પરિશુદ્ધ દશા......
ॐ ह्रीं श्री निर्जरातत्त्वप्रतिपादक-निर्जराधिकाराय संसारतापविनाशाय चंदनं निर्वपामीति स्वाहा।

અક્ષત: ભગવાન આત્મા અક્ષત છે, અક્ષત પર્યાય પ્રગટ થાશે,
અને મોક્ષની પ્રાપ્તિ પહેલાં અહો! નિર્જરા પ્રગટ થશે.
આત્માની આ પરિશુદ્ધ દશા....
ॐ ह्रीं श्री निर्जरातत्त्वप्रतिपादक-निर्जराधिकाराय अक्षयपदप्राप्तये अक्षतं निर्वपामीति स्वाहा।

**પુષ્પ:** જે કામ કામનાનું પ્રતીક તે પુષ્પ-બાણ અર્પિત કરીને,
સંપૂર્ણ કામનાઓનું હું સમતાભાવે તર્પિત કરીને;
આત્માની આ પરિશુદ્ધ દશા અતિ અદ્ભુત મહિમાવાળી છે,
નિર્જરા પરમ હિતકારી છે, તે અહો મુક્તિ-પ્રદાયિની છે.

ॐ श्री निर्जरातत्त्वप्रतिपादक-निर्जराधिकाराय कामबाणविध्वंसनाय पुष्पं
निर्वपामीति स्वाहा।

**નૈવેદ્ય:** આ ક્ષુધા-વેદનાનું પ્રતીક નૈવેદ્ય સરસ અર્પિત કરીને,
શિવપુરમાં તો હું જઈ હવે ચરણોમાં આ અર્પિત કરીને.
આત્માની આ પરિશુદ્ધ દશા...

ॐ ह्रीं श्री निर्जरातत्त्वप्रतिपादक-निर्जराधिकाराय क्षुधारोगविनाशाय नैवेद्यं
निर्वपामीति स्वाहा।

**દીપ:** આ જ્ઞાન-પ્રદીપ હું લાવ્યો છું મોહાંધકારનો નાશ થવા,
હો કેવળજ્ઞાન-પ્રકાશ મને જગમાં નહીં અજ્ઞાન રહો.
આત્માની આ પરિશુદ્ધ દશા....

ॐ ह्रीं श्री निर्जरातत्त्वप्रतिपादक-निर्जराधिकाराय मोहान्धकार विनाशनाय दीपं
निर्वपामीति स्वाहा।

**ધૂપ:** રે! જ્યાં બળે આ ધૂપ, ત્યાં બળવાન નહીં બચી શકશે,
કર્મો બળશે ત્યારે જ પ્રભો, જ્યારે આત્મામાં રમતા હશે.
આત્માની આ પરિશુદ્ધ દશા....

ॐ ह्रीं श्री निर्जरातत्त्वप्रतिपादक-निर्जराधिकाराय अष्टकर्मदहनाय धूपं
निर्वपामीति स्वाहा।

**ફળ:** શિવફળ તો ત્યારે મળે પ્રભુ, જ્યારે જગફળ વાંછા ન રહે,
જે શિવફળને ચાહે તે ભાઈ! જગફળની વાંછા ન કરે.
આત્માની આ પરિશુદ્ધ દશા....

ॐ ह्रीं श्री निर्जरातत्त्वप्रतिपादक-निर्जराधिकाराय मोक्षफल प्राप्तये फलं
निर्वपामीति स्वाहा।

અર્થ: સાચો અનર્ઘ્ય છે મુક્તિરમા, જેમાં રમવાનું પ્રાપ્ત થતી;
પરમાં જે નિઃશંકિત રમા રહે તેને મુક્તિ ~~થઈ~~ ના મળશે.
આત્માની આ પરિશુદ્ધ દશા અતિ અદ્ભુત મહિમાવાળી છે,
નિર્જરા પરમ હિતકારી છે, તે અહો મુક્તિ-પ્રદાયિની છે.

ॐ ह्रीं श्री निर्जरातत्त्वप्रतिपादक-निर्जराधिकाराय अनर्घ्यपदप्राप्तये अर्घ्यं निर्वपामीति स्वाहा।

(इति पुष्पांजलिं क्षिपेत्)

## ઉત્થાનિકા

હવે આચાર્ય અમૃતચંદ્રદેવ, 'સંવર પછી નિર્જરાને રંગભૂમિમાં પ્રવેશ કરાવે છે અને જ્ઞાનજ્યોતિની મહિમા કરે છે –

(હરિગીત)

રાગાદિ આસ્રવ રોકીને નિજ ધર્મ-ધુરા ધારતો,
આગામી કર્મ સમસ્તને દૂરેથી સંવર રોકતો;
પ્રાગ્બદ્ધ અતિ નિર્જરારૂપ કર્મ દહન કરે,
તેથી હવે ના જ્ઞાનજ્યોતિ રાગાદિ મૂર્છિત બને. ક.૧૩૩

ॐ ह्रीं श्री संवरपूर्वकनिर्जराप्रापक-श्रीज्ञानज्योतिषे नमः अर्घ्यं नि. स्वाहा।

હવે સર્વ પ્રથમ આચાર્ય કુંદકુંદદેવ, 'દ્રવ્યનિર્જરા અને ભાવનિર્જરાનું સ્વરૂપ કહે છે.

(દ્રવ્યનિર્જરા) ચેતન અચેતન દ્રવ્યનો ઉપભોગ ઇન્દ્રિયો વડે
જે જે કરે સુદૃષ્ટિ તે સૌ નિર્જરાનિમિત્ત બને. ગા.૧૯૩

(ભાવનિર્જરા) વસ્તુ તણો ઉપભોગ નિશ્ચય સુખ વા દુઃખ થાય છે,
એ ઉદિત સુખદુઃખ ભોગવે પછી નિર્જરા થઈ જાય છે. ગા.૧૯૪

ॐ ह्रीं श्री द्रव्य-भावनिर्जरास्वरूपप्ररूपक-श्रीसमयसाराय नमः अर्घ्यं नि. स्वाहा।

હવે અત્રે કળશ અને બે ગાથાઓનાં દૃષ્ટાંત સહિત બતાવે છે કે 'સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની જીવ, કર્મને ભોગવતો છતો પણ કર્મથી બંધાતો નથી, તે તેના જ્ઞાન અને વૈરાગ્યની મહિમા છે.–

રે ભોગવે બહુ કર્મને પણ જ્ઞાની બંધ નહીં કરે,
સામર્થ્ય જ્ઞાન-વિરાગનું કારણ અહો! તેનું ખરે. ક.૧૩૪

(જ્ઞાન) જ્યમ ઝેરના ઉપભોગથી પણ વૈદ્ય જન મરતો નથી,
ત્યમ કર્મઉદયો ભોગવે પણ જ્ઞાની બંધાતો નથી. ગા.૧૯૫

(વૈરાગ્ય) જેમ અરતિભાવે મદ્ય પીતાં મત્ત જન બનતો નહિ,
દ્રવ્યોપભોગો વિષે અરત જ્ઞાનીય બંધાતો નહિ. ગા.૧૯૬

ૐ શ્રી જ્ઞાન-વૈરાગ્યસામર્થ્યનિરૂપક-શ્રી સમયસારાય નમ: અર્ઘ્યં નિ. સ્વાહા।

- હવે એક કળશ અને એક ગાથામાં એમ કહે છે કે વૈરાગ્યના બળથી જ્ઞાની વિષય-સેવન કરતો છતો પણ અસેવક જ છે:—

(દોહરા) · વૈભવ જ્ઞાન તણો અને વિરાગના બળ હોય,
સેવે વિષયોને છતાં ફળનું ગ્રહણ ન હોય;
તેથી સેવક જ્ઞાની જે ખરે અસેવક તે જ,
મહિમા જ્ઞાન-વિરાગની અગાધ અહિં કહેલ. ક.૧૩૫.

(હરિગીત) · સેવે છતાં નહિ સેવતો, અણસેવતો સેવક બને;
પ્રકરણ* તણી ચેષ્ટા કરે પણ પ્રાકરણિક** જન નહિ ઠરે. ગા.૧૯૭

ૐ હ્રીં શ્રી જ્ઞાન-વૈરાગ્યબલાત્ જ્ઞાનિન: વિષયસેવનેઽપિ અસેવકસ્વરૂપ પ્રરૂપક-શ્રી સમયસારાય નમ: અર્ઘ્યં નિ. સ્વાહા।

- હવે, આગામી કળશમાં એમ કહે છે કે જ્ઞાનીને નિયમથી જ્ઞાન તથા વૈરાગ્યનું બળ હોય છે:—
  - અનુભવવા વસ્તુત્વને નિજ ગ્રહણ-ત્યાગ વિધિ વડે,
    'આ હું અને પરભાવ આ'- એ ભેદ તત્ત્વથી જાણીને;
  - વસતો સ્વમાં તજતો બધાં જે રાગરૂપ પરભાવને,
    વૈરાગ્ય-જ્ઞાનની શક્તિ છે, તે નિયમથી સદ્દૃષ્ટિને. ક.૧૩૬

ૐ હ્રીં શ્રી સમ્યગ્દૃષ્ટે: નિયતજ્ઞાન-વૈરાગ્યશક્તિપ્રરૂપક-શ્રી સમયસારાય નમ: અર્ઘ્યં નિ. સ્વાહા।

- હવે, સમ્યગ્દૃષ્ટિ, સ્વ-પરને ભિન્ન જાણતો છતો નિયમથી જ્ઞાન-વૈરાગ્ય સંપન્ન કઈ રીતે હોય છે — તે આગામી ત્રણ ગાથાઓમાં કહે છે.
  - કર્મો તણો જે વિવિધ ઉદયવિપાક જિનવર વર્ણિયો,
    તે મુજ સ્વભાવો છે નહીં, હું એક જ્ઞાયકભાવ છું. ગા.૧૯૮
  - પુદ્ગલકરમરૂપ રાગનો જ વિપાકરૂપ છે ઉદય આ,
    આ છે નહીં મુજ ભાવ, નિશ્ચય એક જ્ઞાયકભાવ છું. ગા.૧૯૯.
  - સુદૃષ્ટિ એમ જીવ આત્મને જ્ઞાયકસ્વભાવ જ જાણતો,
    ને ઉદય કર્મવિપાકરૂપ તે તત્ત્વજ્ઞાયક છોડતો. ગા.૨૦૦.

* પ્રકરણ = કાર્ય ** પ્રાકરણ = કાર્ય કરનારો

ૐ હ્રીં શ્રી સ્વપરભેદવિજ્ઞાનશૂન્ય-મિથ્યાદૃષ્ટિપ્રરૂપક-શ્રી સમયસારાય નમઃ અર્ઘ્યં નિ. સ્વાહા।

- હવે, આગામી કળશમાં કહે છે કે 'સમ્યગ્દર્શન વિના સાચા અણુવ્રત-મહાવ્રત પણ હોતાં નથી, સાચી સમિતિ પણ હોતી નથી'—
  - હું છું સ્વયં સદ્દૃષ્ટિ મુજને બંધ થાયે ના કદી,
    જે રાગી માની એમ મુખને ગર્વથી ઊંચું કરી;
    અવલંબતો વ્રત ને સમિતિ તોય તે પાપી ખરે,
    આત્મા અનાત્મા ભેદનું સદ્જ્ઞાન નહિ તેને અરે! ક. ૧૩૭

ૐ હ્રીં શ્રી સમ્યગ્દર્શનાભાવે મહાવ્રતાદિનાં નિરર્થકત્વપ્રરૂપક-શ્રી સમયસારાય નમઃ અર્ઘ્યં નિ. સ્વાહા।

- હવે, 'રાગી સમ્યગ્દૃષ્ટિ કેમ હોતો નથી?' તે બે ગાથાઓમાં કહે છે—
  - અણુમાત્ર પણ રાગાદિનો સદ્ભાવ છે જે જીવને,
    તે સર્વ આગમધર ભલે પણ જાણતો નહિ આત્મને; ગા. ૨૦૧
  - નહિ જાણતો જ્યાં આત્મને જ, અનાત્મ પણ નહિ જાણતો,
    તે કેમ હોય સુદૃષ્ટિ જે જીવ-અજીવને નહિ જાણતો? ગા. ૨૦૨

ૐ હ્રીં શ્રી ભેદજ્ઞાનાભાવે સમ્યગ્દર્શનાભાવપ્રરૂપક-શ્રી સમયસારાય નમઃ અર્ઘ્યં...

- હવે, આગામી કળશમાં આચાર્ય, 'અનાદિકાળથી મોહનિદ્રામાં સૂતેલા જગતને નિજપદના અનુભવની પ્રેરણા' આપે છે—
  - હે અંધ જનો જગતના જ્યાં મગ્ન થઈ સૂતા રહો,
    તે અપદ છે, તે અપદ છે એ બરાબર સમજો અહો!
    આવો અહીં આવો તમારું સ્વપદ આ છે, આ જ છે,
    નિજરસભરે ચૈતન્યમય જે શુદ્ધ શુદ્ધ સુસ્થિત છે. ક. ૧૩૮

ૐ હ્રીં શ્રી અનાદિમોહોપશાન્ત્યર્થં નિજપદાનુભવપ્રેરક-શ્રી સમયસારાય નમઃ અર્ઘ્યં...

- હવે અહીં તે નિજપદ શું છે તે એક ગાથા તથા એક કળશમાં બતાવે છે—
  - જીવમાં અપદભૂત દ્રવ્યભાવો છોડીને ગ્રહ તું યથા,
    સ્થિર, નિયત, એક જ ભાવ જે સ્વભાવરૂપ ઉપલબ્ધ આ. ગા. ૨૦૩
  - જે અપદ વિપદાઓ તણું તે એક પદ આસ્વાદ્ય છે;
    જેની સમક્ષ ભલા પદો સૌ અપદ ભાસિત થાય છે. ક. ૧૩૯

ૐ હ્રીં શ્રી સ્વાનુભૂતિગમ્ય-નિજપદ પ્રરૂપક-શ્રી સમયસારાય નમઃ અર્ઘ્યં નિ. સ્વાહા।

હવે, 'જ્ઞાનસ્વરૂપ નિજપદ જ નિર્વાણનું' કારણ છે; તેથી તેના જ અનુભવની પ્રેરણા અત્રે કળશ અને એક ગાથામાં આપે છે–

• જે જ્ઞાનમાત્ર પૂર્ણ એવા સ્વપદને બહુ સાધતો,
ને દ્વૈતમય સહુ સ્વાદને ત્યજી વસ્તુવૃત્તિ નિહાળતો;
છોડી વિશેષો જ્ઞાનના સામાન્યને અભ્યાસતો,
તે સ્વીય જ્ઞાનસ્વભાવને બહુ અંતરે પામતો. ક. ૧૪૦

• મતિ, શ્રુત, અવધિ, મનઃ, કેવલ તે પદ એક જ ખરે,
આ જ્ઞાનપદ પરમાર્થ છે જે પામી જીવ મુક્તિ વરે. ગા. ૨૦૪

ૐ હ્રીં શ્રી જ્ઞાનસ્વરૂપ-નિજપદાનુભવ પ્રેરક-શ્રી સમયસારાય નમઃ અર્ઘ્યં નિ. સ્વાહા।

હવે, આગામી કળશમાં કહે છે કે 'ચૈતન્ય-રત્નાકર' એક હોવા છતાં પણ અનંત ભાવને ઉછાળે છે.

• પીને સમસ્ત પદાર્થનો રસ જાણે બહુ મત્ત થઈ,
ઉછળે સ્વયં સંવેદનાઓ જેની આ નિર્મળ થઈ;
ભગવાન તે અદ્ભુતનિધિ છે ચેતનાસાગર મહા,
છે એક પણ કરતો અનંત તરંગરૂપે જ અહા! ક. ૧૪૧

ૐ હ્રીં શ્રી એકાનેકસ્વરૂપ-ચૈતન્યરત્નાકર પ્રકાશક-શ્રીસમયસારાય નમઃ અર્ઘ્યં નિ. સ્વાહા।

હવે, મોક્ષપદની પ્રાપ્તિ જ્ઞાન વડે જ સંભવ છે, કોઈ ક્રિયાકાંડ વડે નહિ – એ વાત બે કળશ અને એક ગાથામાં કહે છે–

• કોઈ જનો ક્લેશ પામે દુઃખદ અતિ કર્મો વડે,
ને કોઈ પામે ક્લેશ જિનવરકથિત વ્રત-આદિ વડે;
પણ નિરામય સંવેદ્યમાન સ્વયં એવો જે પદ અરે,
તે જ્ઞાનથી નહીં પ્રાપ્ત તેને જ્ઞાનગુણ વિના ખરે. ક. ૧૪૨

• બહુ લોક જ્ઞાનગુણે રહિત આ પદ નહીં પામી શકે;
રે! ગ્રહણ કર તું નિયત આ, જો કર્મમોક્ષેચ્છા તને. ગા. ૨૦૫

• આ જ્ઞાનરૂપ પદ ખરેખર કર્મથી દુષ્પ્રાપ્ય છે,
ને પ્રાપ્તિ એની સહજ જ્ઞાનકલા વડે અતિ સુલભ છે;
આ જ્ઞાનપદને પામવા નિજ જ્ઞાનરૂપ કળા વડે,
તેથી કરો અભ્યાસ નિશદિન, જગતના જન સહુ તમે. ક. ૧૪૩

ૐ હ્રીં શ્રી જ્ઞાનૈક મોક્ષપ્રાપ્તિપ્રકાશક-શ્રીસમયસારાય નમઃ અર્ઘ્યં નિ. સ્વાહા।

• હવે, ઉત્તમ સુખની પ્રાપ્તિ માટે જ્ઞાનસ્વરૂપ આત્મામાં જ સંતુષ્ટ રહેવાની પ્રેરણા આપે છે.

• આમાં સદા પ્રીતિવંત બન, આમાં સદા સંતુષ્ટ ને
આનાથી બન તું તૃપ્ત તુજને સુખ અહો! ઉત્તમ થશે. ગા.૨૦૬

ૐ હ્રીં શ્રી પરમસુખપ્રદાયિ-આત્મસંતોષપ્રરૂપક-શ્રીસમયસારાય નમઃ અર્ઘ્યં નિ.સ્વાહા

• 'જે જ્ઞાની પોતાને અચિંત્યશક્તિ ચિન્માત્ર ચિંતામણિરૂપ દેવ અનુભવ કરે છે, તે કંઈ પણ પરિગ્રહ ઇચ્છતો નથી' તેમ કળશ દ્વારા કહે છે—

(દોહરા) • અચિંત્ય શક્તિ સહિત છે જ્ઞાની પોતે દેવ,
ને ચેતન ચિંતામણિ જ્ઞાનીને જ સદૈવ;
તેથી સર્વ પ્રયોજનો જેના સિદ્ધ જ હોય,
અન્ય પરિગ્રહથી કંઈ સાધ્ય ન તેને હોય. ક.૧૪૪

ૐ હ્રીં શ્રી અચિન્ત્યાત્મમહિમાપ્રકાશક-શ્રીસમયસારાય નમઃ અર્ઘ્યં નિ. સ્વાહા।

• હવે, 'જ્ઞાની પરિગ્રહને શા માટે અપનાવતો નથી'- તે નિમ્નલિખિત ત્રણ ગાથાઓમાં કહે છે—

• 'પરદ્રવ્ય આ મુજ દ્રવ્ય' એવું કોણ જ્ઞાની કહે અરે!
નિજ આત્મને નિજનો પરિગ્રહ જાણતો જે નિશ્ચયે? ગા.૨૦૭

• પરિગ્રહ કદી મારો બને તો હું અજીવ બનું ખરે,
હું તો ખરે જ્ઞાતા જ, તેથી નહિ પરિગ્રહ મુજ બને. ગા.૨૦૮

• છેદાવ, વા ભેદાવ, કો લઈ જાવ, નષ્ટ બનો ભલે,
વા અન્ય કો રીત જાવ, પણ પરિગ્રહ નથી મારો ખરે. ગા.૨૦૯

ૐ હ્રીં શ્રી સમસ્તપરિગ્રહેભ્યો નિર્મમત્વભાવિતઃ સ્વરૂપપ્રરૂપક-શ્રીસમયસારાય નમઃ અર્ઘ્યં નિ. સ્વાહા।

• હવે, 'જ્ઞાની કંઈ પણ પરિગ્રહને ઇચ્છતો નથી'- તેમ પરિગ્રહના નામો ઉલ્લેખપૂર્વક વિશેષરૂપ એ કળશ તથા ચાર ગાથાઓમાં કહે છે—

• જાણી સ્વપર અવિવેકમાં અજ્ઞાન છે કારણપણે,
જે આપ છોડે ત્યાગના અજ્ઞાનને પૂરણપણે;
છોડી પરિગ્રહ સર્વને સામાન્યરૂપે આ રીતે,
ફરી છોડતો પરિગ્રહ બધા વિશેષરૂપે તે હવે. ક.૧૪૫

- અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પુણ્યને,
  તેથી ન પરિગ્રહી પુણ્યનો તે, પુણ્યનો જ્ઞાયક રહે. ગા. ૨૧૦.

- અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાપને,
  તેથી ન પરિગ્રહી પાપનો તે, પાપનો જ્ઞાયક રહે. ગા. ૨૧૧.

- અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે અશનને,
  તેથી ન પરિગ્રહી અશનનો તે, અશનનો જ્ઞાયક રહે. ગા. ૨૧૨

- અનિચ્છક કહ્યો અપરિગ્રહી, જ્ઞાની ન ઇચ્છે પાનને,
  તેથી ન પરિગ્રહી પાનનો તે, પાનનો જ્ઞાયક રહે. ગા. ૨૧૩.

- એ આદિ વિધવિધ ભાવ બહુ જ્ઞાની ન ઇચ્છે સર્વને;
  સર્વત્ર આલંબન રહિત બસ નિયત જ્ઞાયકભાવ તે. ગા. ૨૧૪

- જો જ્ઞાનીને ઉપભોગ તો નિજ પૂર્વકર્મ વિપાકથી;
  પરિગ્રહપણું પામે નહીં તે રાગના અભાવથી. ક. ૧૪૬

ૐ હ્રીં શ્રી અનિચ્છપરિગ્રહ-ભાવાત્મકજ્ઞાનિનઃ સ્વરૂપપૂજકાય - શ્રી જ્ઞાનપદાય નમઃ અર્ઘ્યં.

હવે, જ્ઞાની ભાવિ કાળના ભોગોની વાંછા શા માટે કરતો નથી? - તેનું સમાધાન ગાથા ગાથાઓ તથા એક કળશમાં કરે છે -

- ઉત્પન્ન ઉદયનો ભોગ નિત્ય વિયોગભાવે જ્ઞાનીને,
  ને ભાવિ કર્મોદય તણી કાંક્ષા નહીં જ્ઞાની કરે. ગા. ૨૧૫.

- રે! વેદ્ય વેદક ભાવ બન્ને સમય સમયે વિણસે,
  - એ જાણતો જ્ઞાની કદાપિ ન ઉભયની કાંક્ષા કરે. ગા. ૨૧૬

- સંસારદેહસંબંધી ને બંધોપભોગનિમિત્ત જે,
  તે સર્વ અધ્યવસાનઉદયે રાગ થાય ન જ્ઞાનીને. ગા. ૨૧૭

(દોહરા)
- પળ પળ પામે પ્રલયને વેદ્ય-વેદક વિભાવ,
  ટકતે બન્ને નહીં, વાંછિત ના વેદાય;
  તેથી ન વાંછા કંઈ પણ કરતો જ્ઞાનીજન,
  સર્વ પ્રતિ રહેતો અતિ વિરક્ત એ બુધજન. ક. ૧૪૭

ૐ હ્રીં શ્રી વેદ્ય-વેદકભાવાદિ ભાવે નિર્વાંછક જ્ઞાનિનઃ સ્વરૂપ પૂજકાય - શ્રી જ્ઞાનપદાય નમઃ અર્ઘ્યં નિ. સ્વાહા.

હવે, આગામી બે કળશ અને બે ગાથાઓમાં દૃષ્ટાંત સહિત એમ કહે છે કે 'રાગના અભાવને લીધે જ્ઞાની કર્મ કરતો છતાં પણ બંધાતો નથી.'

(કળશ) · જ્યમ વસ્ત્ર વિવિધ રસાયણોથી ના ખરડિત હોય જે,
નહિ રંગ કાચો લેપને પણ અંતમાં છોડી રહે;
ત્યમ જ્ઞાની રાગરૂપ વિવિધ રસથી ખરડિત હોય ના,
પરિગ્રહપણું પામે ન તેને ભોગ કર્મોદય તણા. ક. ૧૪૮.

· નિજરસ થકી જ્ઞાની સ્વભાવે રાગત્યાગી હોય છે,
રહે કર્મની મધ્યે છતાં નહીં કર્મથી લેપાય છે. ક. ૧૪૯.

· સૌ સર્વ દ્રવ્યે રાગવર્જક જ્ઞાની કર્મની મધ્યમાં,
પણ રજ થકી લેપાય નહિ, જ્યમ કનક કર્દમમધ્યમાં. ગા. ૨૧૮.

· પણ સર્વ દ્રવ્યે રાગશીલ અજ્ઞાની કર્મની મધ્યમાં,
તે કર્મરજ લેપાય છે, જ્યમ લોહ કર્દમમધ્યમાં. ગા. ૨૧૯.

ૐ હ્રીં શ્રી રાગાભાવે અબન્ધક જ્ઞાનિનઃ સ્વરૂપપૂરકાય શ્રી જિનવરાય નમઃ અર્ઘ્યં.

· હવે, 'ભોગ ભોગવતાં છતાં પણ જ્ઞાની શા માટે બંધાતો નથી?' - તે એક કળશ તથા ચાર ગાથાઓમાં ઉદાહરણ સહિત કહે છે —

· પ્રત્યેક વસ્તુ નિજ સ્વભાવે પરિણમે સ્વાધીનપણે,
નહિ અન્ય કોઈ વસ્તુને તે પરિણમે પૂર્ણપણે;
જે પરિણમે નિજ જ્ઞાનરૂપ, અજ્ઞાનરૂપ બને નહીં,
હે જ્ઞાની! ભોગવ ભોગને, પરદ્રવ્ય બંધ તને નહીં. ક. ૧૫૦.

· જ્યમ શંખ વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,
પણ શંખના શુક્લત્વને નહિ કૃષ્ણ કોઈ કરી શકે; ગા. ૨૨૦.

· ત્યમ જ્ઞાની વિવિધ સચિત્ત, મિશ્ર, અચિત્ત દ્રવ્યો ભોગવે,
પણ જ્ઞાન જ્ઞાનીનું નહીં અજ્ઞાન કોઈ કરી શકે. ગા. ૨૨૧.

· જ્યારે સ્વયં તે શંખ શ્વેતસ્વભાવ નિજનો છોડીને,
પામે સ્વયં કૃષ્ણત્વ, ત્યારે છોડતો શુક્લત્વને; ગા. ૨૨૨.

· ત્યમ જ્ઞાની પણ જ્યારે સ્વયં નિજ છોડી જ્ઞાનસ્વભાવને,
અજ્ઞાનભાવે પરિણમે, અજ્ઞાનતા ત્યારે લહે. ગા. ૨૨૩.

ૐ હ્રીં શ્રી કર્મોદયનિમિત્તક-ભોગસદ્‌ભાવેઽપિ નિર્જરાપુરૂષક-શ્રીસમયસારાય નમઃ! અર્ઘ્યં નિ. સ્વાહા।

• હવે, આચાર્ય કહે છે કે 'ભોગોથી બંધ થતો નથી, પરંતુ ભોગવવાના ભાવથી તો (બંધ) થાય છે, માટે એ બધા (ભોગવવાના ભાવને) વિરક્ત થઈને ત્યાગવામાં રત રહો!—

• હે જ્ઞાની! તારે કદી કરવું યોગ્ય નથી કોઈયે કર્મ,
'પરદ્રવ્યને પર માનીને હું ભોગવું'- એમ માનતાં
જો કદી તું કરતો, કહીએ તું ખરે દુર્ભુક્ત* છો;
તું ભોગવે તારું નહિ જે, ખેદ એ મોટો ખરો!
'પરદ્રવ્યના ઉપભોગથી નહિ બંધ'- સિદ્ધાંત કહે,
જો એમ તું માને કહે - 'છે ભોગની ઈચ્છા મને?'
તું જ્ઞાનરૂપ થઈ રહે ઈચ્છા ન કર તું ભોગની,
નહીં તો તને બંધન થશે તારા જ અપરાધે નકી. ક.૧૫૧.

ૐ હ્રીં શ્રી ભોગભાવમુક્ત-આત્માનુભવપ્રેરક-શ્રીસમયસારાય નમઃ અર્ઘ્યં નિ. સ્વાહા।

• 'ફળના વાંછનાથી અજ્ઞાની બંધાય છે અને વાંછનારહિત જ્ઞાની બંધાતા નહિ'- એમ તે કહેતા થકા ચાર ગાથાઓમાં દૃષ્ટાંત સહિત જણાવે છે—

• કર્તા અને ફળને ન જોડે કર્મ બળજોરી વડે,
ઈચ્છા સહિત કર્મો કરે તે પામતો ફળને ખરે;
મુનિ જ્ઞાનમય રહેતો કરે કર્મો પ્રતિ કદી રાગ ના,
છે કર્મફળપરિત્યાગી તે કર્મો કરે પણ બંધ ના. ક.૧૫૨.

• જ્યમ જગતમાં કો પુરુષ વૃત્તિનિમિત્ત સેવે ભૂપને,
તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગ આપે પુરુષને; ગા.૨૨૪.

• ત્યમ જીવપુરુષ પણ કર્મરજનું સુખઅરથ સેવન કરે,
તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગ આપે જીવને. ગા.૨૨૫.

• વળી તે જ નર જ્યમ વૃત્તિ અર્થે ભૂપને સેવે નહીં,
તો ભૂપ પણ સુખજનક વિધવિધ ભોગને આપે નહીં; ગા.૨૨૬.

• સુદૃષ્ટિને ત્યમ વિષય અર્થે કર્મરજસેવન નહિ,
તો કર્મ પણ સુખજનક વિધવિધ ભોગને દેતા નહિ. ગા.૨૨૭.

* દુર્ભુક્ત = ખોટી (-ખરાબ) રીતે ભોગવનાર

કર્મફળનો ત્યાગી કર્મ કરે - પ્રતીત થતું નથી,
જો અવશતાથી આવી પડતું કર્મ જ્ઞાનીને કંઈ;
તો પરમજ્ઞાનસ્વભાવમાં જ્ઞાની અકંપ રહે અહો!
તે કર્મ કરતો કે ન કરતો કોણ જાણે તે કંઈ. ક.૧૫૩.

ૐ હ્રીં શ્રી કર્માભિલાષાભાવે જ્ઞાનિનઃ અબંધકસ્વરૂપપ્રરૂપક - શ્રી સમયસારાય નમઃ અર્ઘ્યં નિ. સ્વાહા |

હવે, આચાર્ય કુંદકુંદદેવ 'સમ્યગ્દર્શનના આઠ અંગોનું વર્ણન' પ્રારંભ કરે છે. ત્યાં સર્વ પ્રથમ ટીકાકાર આચાર્ય અમૃતચંદ્રદેવ, 'નિઃશંકિત અંગ' સૂચક કળશ લખતાં તેની પ્રશંસા કરે છે -

ત્રણ લોકને ભયચલિત કરતો વજ્રપાત થતો ભલે,
પણ ભયરહિત સમકિતદૃષ્ટિ જીવ શંકા નવ કરે;
નિજ જ્ઞાનદેહ અવધ્ય જાણી જ્ઞાનથી ચ્યુત થાય ના,
એવા છે સમ્યગ્દૃષ્ટિઓ આ પરમ સાહસ ધરતા. ક.૧૫૪.

ૐ હ્રીં શ્રી નિઃશંકસમ્યગ્દૃષ્ટિસ્વરૂપ પ્રરૂપક - શ્રી સમયસારાય નમઃ અર્ઘ્યં નિ. સ્વાહા

હવે, 'સમ્યગ્દૃષ્ટિ નિઃશંક હોવાથી તે સાત ભયોથી રહિત હોય છે' એમ ગાથા દ્વારા કહે છે

સમ્યક્ત્વવંત જીવો નિઃશંકિત, તેથી છે નિર્ભય અને
છે સપ્તભયપ્રવિમુક્ત જેથી, તેથી તે નિઃશંક છે. ગા. ૨૨૮.

ૐ હ્રીં શ્રી નિઃશંકત્વાત્ સપ્તભયરહિત સમ્યગ્દૃષ્ટિસ્વરૂપ પ્રરૂપક - શ્રી સમયસારાય નમઃ અર્ઘ્યં...

હવે આચાર્ય અમૃતચંદ્રદેવ, ક્રમશઃ 'સાત ભયોથી રહિત સમ્યગ્દૃષ્ટિનું નિરૂપણ' આગામી છ કળશોમાં કરે છે; સર્વ પ્રથમ 'સમ્યગ્દૃષ્ટિને આલોક-પરલોકભયનો અભાવ' પ્રદર્શિત કરતાં લખે છે -

આ ચિત્સ્વરૂપ લોક મારો એક, શાશ્વત છે અને
છે સર્વકાળે પ્રગટ એ સ્વ ભેદજ્ઞાની જાણતો;
અવલોકતો જ્ઞાની સદા એ ચિત્સ્વરૂપ લોકને,
આલોક કે પરલોક મારો છે નહીં એમ ચિંતવે;
તેથી નથી આલોકનો, પરલોકનો ભય જ્ઞાનીને,
તે તો નિઃશંક થઈ નિરંતર જ્ઞાનને જ અનુભવે. ક. ૧૫૫.

ૐ હ્રીં શ્રી ઇહલોક-પરલોકભયરહિત સમ્યગ્દૃષ્ટિસ્વરૂપ પ્રરૂપક - શ્રી સમયસારાય નમઃ
અર્ઘ્યં નિ. ...

હવે, 'સમ્યગ્દૃષ્ટિને વેદનાભયનો અભાવ' બતાવતા કહે છે-

· વેદ્ય-વેદકભાવ વર્તે એકરૂપ એ કારણે,
છે માત્ર વેદન જ્ઞાનનું, નિજમાં નિરાકુળ પુરુષને;
નહિ અન્ય કોઈ વેદના, ક્યમ વેદનાભય જ્ઞાનીને?
તે તો નિઃશંક થઈ નિરંતર જ્ઞાનને જ અનુભવે. f.૧૫૬.

ૐ હ્રીં શ્રી વેદનાભયરહિત સમ્યગ્દૃષ્ટિપ્રરૂપક શ્રી સમયસારાય નમઃ અર્ઘ્યં નિ.સ્વાહા

· હવે, 'સમ્યગ્દૃષ્ટિને અરક્ષાભયનો અભાવ' પ્રદર્શિત કરતાં કહે છે-

· નિજ આતમા સત્ છે અને સત્ નાશ પામે ના કદી,
તેથી જ રક્ષા કોઈ પર કરતું નહિ નિજ આત્મની;
એમ જાણતો તેથી અરક્ષાભય નહિ કદી જ્ઞાનીને,
તે તો નિઃશંક થઈ નિરંતર જ્ઞાનને જ અનુભવે. f.૧૫૭.

· હવે, 'સમ્યગ્દૃષ્ટિને અગુપ્તિભયનો અભાવ' પ્રદર્શિત કરતાં કહે છે-

· ન પ્રવેશ પરનો સ્વ-રૂપમાં, છે પરમ ગુપ્તિ વસ્તુને,
અકૃત્રિમ જ્ઞાન-સ્વરૂપ મારું તેથી છે ગુપ્તિ મને;
એમ જાણતો તેથી અગુપ્તિભય નહિ કદી જ્ઞાનીને,
તે તો નિઃશંક થઈ નિરંતર જ્ઞાનને જ અનુભવે. f.૧૫૮.

ૐ હ્રીં શ્રી અગુપ્તિભયરહિત સમ્યગ્દૃષ્ટિસ્વરૂપપ્રરૂપક શ્રી સમયસારાય નમઃ અર્ઘ્યં નિ.

· હવે, 'સમ્યગ્દૃષ્ટિને મરણભયનો અભાવ' પ્રદર્શિત કરતાં કહે છે-

· છે પ્રાણનાશથી મરણ જગનું જ્ઞાન પ્રાણો જીવનાં,
નહીં જ્ઞાનનો કદી નાશ તેથી આત્માનું મરણ ના;
એમ જાણતો તેથી મરણનો ભય નહિ કદી જ્ઞાનીને,
તે તો નિઃશંક થઈ નિરંતર જ્ઞાનને જ અનુભવે. f.૧૫૯

ૐ હ્રીં શ્રી મરણભયરહિત સમ્યગ્દૃષ્ટિસ્વરૂપપ્રરૂપક શ્રી સમયસારાય નમઃ અર્ઘ્યં નિ.

· હવે, 'સમ્યગ્દૃષ્ટિને આકસ્મિકભયનો અભાવ' પ્રદર્શિત કરતાં કહે છે-

- આ જ્ઞાન એક, અનંત, નિશ્ચળ, સ્વતઃ સિદ્ધ અનાદિ છે,
પરનો ઉદય તેમાં નહિ, અણધાર્યું કાંઈ થતું નહિ;
ભય અકસ્માત તણો નહિ તેથી કદીયે જ્ઞાનીને,
તે તો નિઃશંક થઈ નિરંતર જ્ઞાનને જ અનુભવે. ક.-૧૬૦.

ૐ હ્રીં શ્રી આકસ્મિકભયરહિત સમ્યગ્દૃષ્ટિસ્વરૂપપ્રરૂપક-શ્રી સમયસારાય નમઃ ...

- હવે, આગામી કળશમાં કહે છે કે સમ્યગ્દૃષ્ટિને સતત નિર્જરા થતી રહે છે-

- નિજરસભરથી જે જ્ઞાનને નિત ભોગવે સદ્દૃષ્ટિ તે,
નિઃશંકિતાદિ ગુણો વડે હણતો સહુયે કર્મને;
વળી ઉદય કર્મ તણો તોયે ફરીથી બંધ ના,
તે ભોગવે કર્મો છતાં થાયે નિયમથી નિર્જરા. ક.૧૬૧.

ૐ હ્રીં શ્રી સમ્યગ્દૃષ્ટિને સતત નિર્જરાપ્રરૂપક-શ્રી સમયસારાય નમઃ કળશ નિ...

- હવે, આચાર્ય કુંદકુંદદેવ, આગામી આઠ ગાથાઓમાં સમ્યગ્દૃષ્ટિના નિઃશંકિતાદિ આઠ અંગોનું સ્વરૂપ ક્રમશઃ બતાવે છે; સૌ પ્રથમ નિઃશંક સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ નીચેની ગાથામાં કહે છે—

- જે કર્મબંધનમોહકર્તા પાદ ચારે છેદતો,
ચિન્મૂર્તિ તે શંકારહિત સમકિતદૃષ્ટિ જાણવો. ગા.૨૨૯.

ૐ હ્રીં શ્રી નિઃશંક-સમ્યગ્દૃષ્ટિસ્વરૂપપ્રરૂપક-શ્રી સમયસારાય નમઃ કળશ નિ...।

- હવે, નિઃકાંક્ષ સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ નીચેની ગાથામાં કહે છે-

- જે કર્મફળ ને સર્વ ધર્મ તણી ન કાંક્ષા રાખતો,
ચિન્મૂર્તિ તે કાંક્ષારહિત સમકિતદૃષ્ટિ જાણવો. ગા.૨૩૦.

ૐ હ્રીં શ્રી નિઃકાંક્ષ-સમ્યગ્દૃષ્ટિસ્વરૂપપ્રરૂપક-શ્રી સમયસારાય નમઃ કળશ નિ.

- હવે, નિર્વિચિકિત્સ સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ નીચેની ગાથામાં કહે છે-

- સૌ વસ્તુ ધર્મ વિષે જુગુપ્સાભાવ જે નહિ ધારતો,
ચિન્મૂર્તિ નિર્વિચિકિત્સ સમકિતદૃષ્ટિ નિશ્ચય જાણવો. ગા.૨૩૧

હવે, 'અમૂઢદૃષ્ટિ સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ' નીચેની ગાથામાં કહે છે-

સંમૂઢ નહિ જે સર્વ ભાવે, — સત્ય દૃષ્ટિ ધારતો,
તે મૂઢદૃષ્ટિરહિત સમકિતદૃષ્ટિ નિશ્ચય જાણવો. ગા. ૨૩૨

ॐ ह्रीं श्री अमूढदृष्टि-सम्यग्दृष्टिस्वरूपप्ररूपक-श्री समयसाराय नमः अर्घ्यं नि...

હવે, 'ઉપગૂહક સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ' નીચેની ગાથામાં કહે છે-

જે સિદ્ધભક્તિસહિત છે, ઉપગૂહક છે સૌ ધર્મનો,
ચિન્મૂર્તિ તે ઉપગૂહનકર સમકિતદૃષ્ટિ જાણવો. ગા. 233

ॐ ह्रीं श्री उपगूहक-सम्यग्दृष्टिस्वरूपप्ररूपक श्री समयसाराय नमः अर्घ्यं नि. स्वाहा।

હવે, 'સ્થિતિકારી સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ' નીચેની ગાથામાં કહે છે-

ઉન્માર્ગગમને સ્વાત્મને પણ માર્ગમાં જે સ્થાપતો,
ચિન્મૂર્તિ તે સ્થિતિકરણયુત સમકિતદૃષ્ટિ જાણવો. ગા. 23૪.

ॐ ह्रीं श्री स्थितिकारी-सम्यग्दृष्टिस्वरूपप्ररूपक-श्री समयसाराय नमः अर्घ्यं नि..

હવે, 'વત્સલ સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ' નીચેની ગાથામાં કહે છે-

જે મોક્ષમાર્ગે 'સાધુ'ત્રયનું વત્સલત્વ કરે અહો!
ચિન્મૂર્તિ તે વાત્સલ્યયુત સમકિતદૃષ્ટિ જાણવો. ગા. 23૫.

ॐ ह्रीं श्री अनादिवत्सल-सम्यग्दृष्टिस्वरूपप्ररूपक-श्री समयसाराय नमः अर्घ्यं

હવે, 'પ્રભાવક સમ્યગ્દૃષ્ટિનું સ્વરૂપ' નીચેની ગાથામાં કહે છે-

ચિન્મૂર્તિ મન-રથપંથમાં વિદ્યારથારૂઢ ઘૂમતો,
તે જિનજ્ઞાનપ્રભાવકર સમકિતદૃષ્ટિ જાણવો. ગા. 23૬

ॐ ह्रीं श्री प्रभावकसम्यग्दृष्टिस्वरूपप्ररूपक-श्री समयसाराय नमः अर्घ्यं नि...

હવે, ઉપસંહાર કરતાં આચાર્ય અમૃતચંદ્રદેવ એક કળશ કહે છે-

આ રીત સમ્યગ્દૃષ્ટિ નૂતન બંધને રોકી અને
અંતરંગથી કરી નિર્જરા હળવા કરતા કર્મ;
અતિરસથી આદિ-મધ્ય-અંત રહિત જ્ઞાનરૂપે થઈ,
એમ નાચતો ભાવ ગગનસમ ગોરો રંગભૂમિ મહીં. ક.૧૬૨.

ૐ હ્રીં શ્રી નિર્જરાકારક શ્રી સમ્યગ્જ્ઞાનાય નમઃ અર્ઘ્યં નિર્વપામીતિ સ્વાહા।
( ઇતિ પુષ્પાંજલિં ક્ષિપેત્ )

## જયમાલા

### દોહા

હે નિર્જરા અધિકારની મહિમા અગમ અનૂપ,
કરવાથી આરાધના પામે નિજ[illegible]રૂપ. ૧.

(માલવ છંદ – ઓ મેરે વતન કે લોગોં...)

જ્ઞાની વિષયો ભોગવતો, પણ બંધ ન તેને થાતો;
થઈ સહજ નિર્જરા તેને, આત્મા શુદ્ધ નિર્મળ થાતો.
સામર્થ્ય જ્ઞાનનું જાણો, તેમજ વિરાગ-બળ દીઠો,
આ અદ્ભુત અચરજ ભારી, ધારણાએ જાણો દીઠો. ૨.

ખાતાં છતાંય જ્યમ વિષને, વિષવૈદ્ય મરણ નહિ પામે,
ભોગવે છતાં ભોગોને, જ્ઞાનીને બંધ ન થાએ.
જ્યમ મદિરાને નિત પીતાં, મદિરાની અસર ન થાયે,
તેમજ વિરાગી-જ્ઞાની પર, આ જગની અસર ન થાયે. ૩.

છે વાત વસ્તુતઃ એવી, જ્ઞાની વિષયોનું સેવન,
અત્યંત અરુચિથી કરતાં, અંતરથી કરે ન સેવન.
સામર્થ્ય જ્ઞાનનું એવું, તેમજ વિરાગ-બળ તેથી;
અંતરમાં ભોગ-વિરક્તિ, જ્ઞાનીને નિશદિન રહેતી. ૪.

જ્ઞાનીને એવી હોતી, વૈરાગ્ય-જ્ઞાનની શક્તિ,
તે શક્તિની મહિમા છે, છોડે નહિ તેની ભક્તિ.
પણ સમ્યગ્દૃષ્ટિ જ્ઞાની, નહિ સ્વચ્છંદી કદીયે થાતા,
જાણે તેનું નિર્મળ, અતિ સજ્જન સદાય રહેતા. ૫.

જ્યમ કાદવમાં સોનું હો, સોનું નિર્મળ જ રહે છે,
ત્યમ કાર્યોની મધ્યે, જ્ઞાની નિર્મળ જ રહે છે.

જ્ઞાન ઓછું હોય શિરમાં, તો ફરીથી ન સમજાશે;
સમતાના સંદેશમાં, બહુ ઝડપથી સમજાશે. ૬.

નહીં ખાય જ કશું તેને, જેને રસ-સ્વાદ નથી કંઈ,
યદિ વિનય યત્ન કરે જો, તો અન્ય વાત છે કંઈ;
બાહરમાં કશા જાણો, અંતર-વિરક્તિ રહે ન,
જ્ઞાની જ્ઞાનીને જાણે, અમ જેવા તે શું જાણે? ૭.

આ પુસ્તકોના ઉત્તર જો, કહી આપ જાણવા માટે,
તેની ઊંડાઈ તમે જો, કહી આપ માપવા માટે;
નિર્જરાનુપ્રેક્ષણ નાથ! બહુ સારી રીતે વાંચો,
તેનું ચિંતન મનન કરો, પછી અંતરમાં ઉતારો. ૮.

ભલા છોડી ઉપેક્ષા નાથ! અંતિમનો આદરજો,
ઊંડાણથી વિચારી તેને, અંતરમાં જરા ઉતરજો;
ચિંતન અને મનન કરજો, તેનું અનુપ્રેક્ષણ કરજો,
શું અહિત કરીએ નાથ! તદ્રૂપ પછી પરિણમજો. ૯.

(દોહા)
ફરી કરજો નિર્જરા, કરી પરિણમન શુદ્ધ;
ધ્યાન ધારો આ આત્મા, અહો! શુદ્ધ સંપૂર્ણ. ૧૦.

ૐ હ્રીં શ્રી નિર્જરાતત્ત્વપ્રતિપાદક-નિર્જરાધિકારાય જયમાલા પૂર્ણાર્ઘ્યં નિ. સ્વાહા]

(દોહા)
અહીં સમાપ્ત થઈ રચના, આ અધિકાર મહાન;
પ્રાપ્ત કરીને નિર્જરા, ભલે બનો ભગવાન.

(ઇતિ પુષ્પાંજલિં ક્ષિપેત)